**હિસાબ નિયામકશ્રીની કચેરી**

**આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ**

જા.નં. : હિનિ / પે સેલ / પેન્શન / **૩૯૫** /૨૦૨૪

તા. :૦૯-૦૫-૨૦૨૪

## :: પરિપત્ર ::

**સંદર્ભ :-**

(૧) નાણા વિભાગ, ગુજરાત સરકારશ્રીનાં પત્ર ક્રમાંક : ઇજફ - ૧૦૨૦૨૩ - ૪૧ - ચ, તા. ૦૩ - ૦૮ - ૨૦૨૩.

(૨) નાણા વિભાગ, ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : ઇજફ - ૧૦૨૦૨૩ - ૪૧ - ચ તા.૧૮ - ૧૧ - ૨૦૨૩.

(૩) નાણા વિભાગ, ગુજરાત સરકારશ્રીનાં પત્ર ક્રમાંક : ઇજફ - ૧૦૨૦૨૩ - ૪૧ - ચ તા.૦૬ - ૧૨ - ૨૦૨૩.

(૪) નાણા વિભાગ, ગુજરાત સરકારશ્રીનાં પત્ર ક્રમાંક : ઇજફ - ૧૦૨૦૨૩ - ૪૧ - ચ, તા. ૧૪ /૧૨/૨૦૨૩.

(૫) નાણા વિભાગ, ગુજરાત સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : ઇજફ-૧૦૨૦૨૩-૪૧-ચ તા.૧૨/૦૨/૨૦૨૪.

(૬) નાણા વિભાગ, ગુજરાત સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક : પશન-૧૦૨૦૧૪-ડી-૧૯૫-પી તા.૦૨/૦૧/૨૦૧૬.

(૭) નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરીના પત્ર ક્રમાંક : નં.એલ./એચ.ક્યુ/યુનિવર્સિટી ઓડીટ/૨૫૭ તા.૧૦/૦૨/૨૦૧૬.

(૮) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં પત્ર જા.નં. આકૃયુ/રજી/લીગલ/૦૯/૨૦૨૪ તા.૦૨/૦૪/૨૦૨૪.

**પ્રસ્તાવના :-**

**સંદર્ભ-૧ :** રાજ્યમાં ૩૦-જૂનના રોજ નિવૃત થયેલ અલગ અલગ કર્મચારીઓ દ્વારા ઈજાફો મેળવવા માટે નામ.હાઈકોર્ટમાં પીટીશનો ફાઈલ કરવામાં આવે છે જેમાં નામ.હાઈકોર્ટ દ્વારા અરજદારોના તરફેણમાં હુકમ કરવામાં આવે છે.આવા ચુકાદાઓના અમલ માટે અરજદારો દ્વારા CONTEMPT PETITION ફાઈલ કરવામાં આવે છે. આ નીતિવિષયક બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. (૧) ૩૦-જૂનના રોજ વયનિવૃત્તિ થતા કર્મચારીઓ દ્વારા ૦૧-જુલાઈ ઈજાફા મેળવવા માટે કરવામાં આવેલ પીટીશનના કિસ્સામાં,નામ.હાઈકોર્ટના ચુકાદા સામે નિયત સમયમર્યાદા ક્રમિક અપીલ દાખલ કરવાની કાર્યવાહી સબંધિત વિભાગે, કાયદા વિભાગના પરામર્શમાં કરવાની રહેશે, જેથી નામ.હાઈકોર્ટની અવમાનના અંગેના પ્રશ્નો ટાળી શકાય. (૨) ૩૦-જૂનના રોજ વયનિવૃત્તિ થતા કર્મચારીઓ દ્વારા ૦૧-જુલાઈનો ઈજાફો મેળવવા માટે કરવામાં આવેલ પીટીશનના કિસ્સામાં, નામ.હાઈકોર્ટના ચુકાદાનો અમલ સમયમર્યાદામાં ન થવાના કિસ્સામાં,દાખલ થયેલ એમ.સી.એ.(FOR CONTEMPT)ના અરજદાર પુરતુ, અરજદારની તમામ સેવાકીય વિગતોની ચકાસણી કરી,સબંધિત ચુકાદા સામે અપીલ દાખલ કરવાની શરતે તેમજ અપીલના આખરી ચુકાદાને આધીન, નામ.હાઈકોર્ટના ચુકાદાનો સ્વીકાર કરવા અંગેની સત્તાઓ સબંધિત વિભાગના વહીવટી વડા(સચિવશ્રી / અગ્રસચિવશ્રી / અધિક મુખ્ય સચિવશ્રી)ને સોપવામાં આવેલ છે.

સંદર્ભ-૨ : નાણા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પગાર સુધારણા નિયમો, ૨૦૦૯ અમલમાં આવ્યાની તારીખ:૦૧/૦૧/૨૦૦૬ બાદ રાજ્ય સરકાર અને પંચાયત સેવાનાં જે કર્મચારીઓ તા.૩૦ જૂનનાં રોજ એક વર્ષની નોકરી પુર્ણ કરી વયનિવૃત્ત થયેલ/થનાર છે, તેવા કર્મચારીઓનાં કિસ્સામાં (૧) તા.૩૦ જૂનનાં રોજ વયનિવૃત્ત થયેલ/થનાર કર્મચારીઓનાં કિસ્સામાં એક વર્ષની સેવા પૂર્ણ કરેલી હોવી જોઇએ (૨) તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી વયનિવૃત્ત થયેલ કર્મચારીના કિસ્સામાં ૩૦ જૂનના રોજ ઈજાફો આકારી પેન્શન સુધારણા કરવાની રહેશે (૩) આ નોશનલ ઈજાફા મુજબ કરેલ પેન્શન સુધારણાનો ખરેખર લાભ તા.૦૧/૦૭/૨૦૨૩ થી મળવાપાત્ર થશે (૪) તા.૩૦ જૂનનાં રોજ વયનિવૃત્ત થયેલ/થનાર કર્મચારીઓનાં કિસ્સામાં ખરેખર ઈજાફો મળવાપાત્ર થાય છે કે કેમ ? તે અંગે ચકાસવાની થતી સેવાકીય વિગતો અંગેની જરૂરી સૂચનાઓ અલાયદી બહાર પાડવામાં આવશે (૫) કોઇ કર્મચારી દ્વારા સમાન પ્રકારનો લાભ મેળવવા માટે નામ. હાઈકોર્ટમાં પીટીશન ફાઈલ કરવામાં આવેલ હોય અને હાલમાં ન્યાયાધીન હોય એટલે કે ચુકાદા આવેલ ન હોય તેવા કિસ્સામાં પણ આ ઠરાવ મુજબ ઈજાફાનો લાભ આપવાનો રહેશે (૬) સદર ઠરાવનો અમલ પંચાયત સેવાનાં કર્મચારીઓ અને અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓ કે જેઓનાં કિસ્સામાં છઠ્ઠા પગારપંચનો લાભ આપવાની નાણા વિભાગની અનુમતિ આપવામાં આવેલ હોય તેઓનાં કિસ્સામાં પણ સમાન પ્રકારે કરવાનો રહેશે (૭) આ ઠરાવ નામ.સુપ્રિમકોર્ટના ચુકાદા અન્વયે કરેલ હોવાથી ભવિષ્યમાં ચુકાદા બાબતે કોઇ સુધારો થશે તો તેને આધીન રહેશે. આમ, ઉકત (૧) થી (૭) શરતોને આધીન એક નોશનલ ઈજાફો આકારવાનું રાજય સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવેલ છે.

સંદર્ભ–૩ : નાણા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા સંદર્ભ–૧ દર્શિત ઠરાવ અન્વયે ૩૦ જૂનના રોજ વયનિવૃત્ત થયેલ/થનાર કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઈજાફો આકારવા બાબતે (૧) ૩૦ જૂનના રોજ વય નિવૃત્ત થયેલ પેન્શનરની યાદી ડીપીપીએફ / લોકલ ફંડને મોકલી આપવાની રહેશે, (૨) આ યાદી પરત્વે સંબંધિત કચેરી/વિભાગે પેન્શનરનો સંપર્ક કરી અરજી મેળવવાની રહેશે. અરજી મળ્યા બાદ તેની સેવાકીય વિગતોની ચકાસણી કરી, સક્ષમ અધિકારીએ પ્રવર્તમાન નિતી–નિયમો અનુસાર ઈજાફો આકારી, રિવાઈઝ પેન્શનની દરખાસ્ત તૈયાર કરી સંબંધિત પેન્શન અધિકૃત કરનાર કચેરીને સેવાપોથી સાથે મોકલી આપવાની રહેશે. (૩) સંદર્ભ–૧નાં ઠરાવ અગાઉ જે ચુકાદા આવેલ છે અને તેમાં CONTEMPT PETITIONને ધ્યાને લઈ, નામ.હાઈકોર્ટના ચુકાદાનો સ્વીકાર કરવાની અનુમતિ મળેલ હોય અને સંબંધિત કચેરી/વિભાગ દ્વારા હુકમો કરવામાં આવેલ હોય, તેવા કેસોમાં જે–તે સમયે મળેલ મંજૂરી મુજબ કેસોનુ આખરીકરણ કરવાનું રહેશે. તેમજ જે કેસોમાં ચુકવણુ કરવાની કાર્યવાહી પુર્ણ કરેલ છે, તેવા કેસો પરત્વે હાલના તબક્કે કોઈ કાર્યવાહી કરવાની રેહેશે નહિ. (૪) ખાતાકીય તપાસ / અવસાન / બઢતી જેવા વિશેષ ચકાસણી માંગી લે તેવા કેસો પરત્વે વિશેષ કાળજી રાખી, સમય મર્યાદાનાં બાધ સિવાય મોકલી આપવાના રહેશે.

સંદર્ભ–૪ : નાણા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા સંદર્ભ–૧ દર્શિત ઠરાવ નામ. હાઈકોર્ટમાં અન્ય એક કેસની સુનાવણીનાં અંતે સંદર્ભ–૧ ઠરાવનો અમલ આગામી સૂચના ન મળે ત્યાં સુધી સ્થગિત રાખવા નો નિર્ણય કરવામાં આવેલ. સંદર્ભ–૫ : નાણા વિભાગના તારીખ–૧૪/૧૨/૨૦૨૩ના પત્રથી તારીખ:૧૮/૧૧/૨૦૨૩ના ઠરાવને (ABEYANCE)માં મુકવાના નિર્ણયને રદ કરી, તારીખ:૧૮/૧૧/૨૦૨૩નો ઠરાવ પુનઃઅમલમાં મુક્વવામાં આવેલ છે તેમજ તારીખ:૦૩–૦૮–૨૦૨૩ તથા તા. ૧૪–૧૨–૨૦૨૩ના પત્ર તેમજ સદર પત્રોથી પ્રસિદ્ધ કરવામાં આવેલ અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

સંદર્ભ–૬ : નાણા વિભાગ, ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : પશન – ૧૦૨૦૧૪ – ડી – ૧૯૫ – પી તા.૦૨–૦૧–૨૦૧૬થી ગુજરાત કૃષિ યુનિવર્સિટી અધિનિયમની કલમ ૫૧ તથા તે સંદર્ભે કલમ ૨૮ (૧૩) મુજબ બનેલ સ્ટેચ્યુટસથી અપાયેલ સત્તા મુજબ સંબંધિત કૃષિ યુનિવર્સિટી દ્વારા જ પેન્શન કેસ અધિકૃત કરવાના રહેશે પરંતુ પેન્શન કેસ મંજુર કરી ચુકવણા માટે અધિકૃત્તિ કરતા પહેલા નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબના સંબંધિત જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી પાસે સંબંધિત કૃષિ યુનિવર્સિટી દ્વારા નિયમો મુજબ ચુકવવાપાત્ર નિવૃત્તિના લાભોની પૂર્વ ચકાસણી અવશ્યપણે કરાવવાની રહેશે. વધુમાં સંદર્ભ – ૭ પરના નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગરના તા. ૧૦–૦૨–૨૦૧૬ના પત્રથી સદર બાબતે કાર્યપધ્ધત્તિ નક્કી કરવામાં આવેલ છે.

સંદર્ભ–૮ પરના કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં પત્રથી તા. ૦૧–૦૧–૨૦૦૬ બાદ ૩૦ જૂનનાં રોજ વયનિવૃત્ત થયેલ / થનાર કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઈજાફો આકારવા બાબતના ઠરાવ અન્વયે ઘટતી કાર્યવાહી કરવા તથા અમલવારી કરવા સારૂ જણાવવામાં આવેલ છે.

આમ ઉક્ત નાણા વિભાગ, ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : ઈજફ – ૧૦૨૦૨૩– ૪૧–ચ તા.૧૮– ૧૧– ૨૦૨૩નો ઠરાવ તેમજ તેને આનુસાંગીક ઠરાવો પરિપત્રો કે સુચનાઓ અન્વયે તા. ૦૧–૦૧–૨૦૦૬ બાદ ૩૦ જૂનનાં રોજ વયનિવૃત્ત થયેલ / થનાર કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઈજાફો આકારવા બાબતે નીચે મુજબની તમામ કચેરીઓએ કાર્યવાહી હાથ ધરવાની થાય છે.

**યુનિટ / સબ યુનિટ કચેરી દ્વારા કરવાની થતી કાર્યવાહી:–**

ઉક્ત ઠરાવ પગાર સુધારણા નિયમો ૨૦૦૯, અમલમાં આવ્યાની તારીખ ૦૧–૦૧–૨૦૦૬ બાદ જે કર્મચારીઓ તા. ૩૦ જુનના રોજ એક વર્ષની નોકરી પૂર્ણ કરી વયનિવૃત્ત થયેલ /થનાર છે તેવા કર્મચારીઓના કિસ્સામાં નીચેની શરતોને આધિન એક નોશનલ ઈજાફો આકારવાનો રહેશે અને નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૧. આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ હસ્તકની તમામ કચેરીમાંથી તા.૧–૧–૨૦૦૬ બાદથી તા. ૩૦–૦૪–૨૦૨૪ દરમ્યાન જે કર્મચારીઓ ૩૦ જૂનના રોજ એક વર્ષની નોકરી પૂર્ણ કરી પેલી જુલાઈએ વય નિવૃત્ત થયેલ છે તેવા પેન્શનર/કુટુંબ પેન્શનર પાસેથી ૩૦ જુનના રોજ એક નોશનલ ઈજાફો આકારવા માંગણી બાબતની અરજી આ સાથે સામેલ નમુના–૧ મુજબ તથા પેન્શનર/કુટુંબ પેન્શનર પાસેથી આ સાથે સામેલ નમુના–૨ મુજબ બાંહેધરી રૂ ૫૦ સ્ટેમ્પ પેપર ઉપર મેળવવાનું રહેશે.

૨. જે તે કચેરીએ રીવાઈઝ્ડ પેન્શન કેસ તૈયાર કરતા પહેલા જે કર્મચારીઓ તા.૩૦ જૂનનાં રોજ એક વર્ષની નોકરી પુર્ણ કરી વયનિવૃત્ત થયેલ છે, તેવા કર્મચારીઓનાં કિસ્સામાં (૧) તા.૩૦ જૂનનાં રોજ વયનિવૃત્ત થયેલ કર્મચારીઓનાં કિસ્સામાં એક વર્ષની સેવા પૂર્ણ કરેલી હોવી જોઈએ (૨) **તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૩૦/૦૪/૨૦૨૪** સુધી **૩૦ જૂનના** રોજ વયનિવૃત્ત થયેલ કર્મચારીના કિસ્સામાં ૩૦ જૂનના રોજ એક ઈજાફો આકારી પેન્શન સુધારણા કરવાની રહેશે (૩) આ નોશનલ ઈજાફા મુજબ કરેલ પેન્શન સુધારણાનો ખરેખર લાભ **તા.૦૧/૦૭/૨૦૨૩** થી મળવાપાત્ર થશે (૪) તા.૩૦ જૂનનાં રોજ

વયનિવૃત્ત થયેલ કર્મચારીઓનાં કિસ્સામાં ખરેખર ઈજાફો મળવાપાત્ર થાય છે કે કેમ ? તે અંગે ચકાસવાની થતી સેવાકીય વિગતો ચકાસી લેવાની રહેશે. (૫) કોઈ કર્મચારી દ્વારા સમાન પ્રકારનો લાભ મેળવવા માટે નામ. હાઇકોર્ટમાં પીટીશન ફાઇલ કરવામાં આવેલ હોય અને હાલમાં ન્યાયાધીન હોય એટલે કે ચુકાદા આવેલ ન હોય તેવા કિસ્સામાં પણ આ ઠરાવ મુજબ ઈજાફાનો લાભ આપવાનો રહેશે (૬) આ ઠરાવ નામ.સુપ્રિમકોર્ટના ચુકાદા અન્વયે કરેલ હોવાથી ભવિષ્યમાં ચુકાદા બાબતે કોઈ સુધારો થશે તો તેને આધીન રહેશે. આમ, ઉક્ત (૧) થી (૬) શરતોને આધીન એક નોશનલ ઈજાફો આકારવાનું રાજય સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવેલ હોય તેની બરાબર ચકાસણી કરવાની જવાબદારી જે તે કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારી અને યુનિટ અધિકારીની રહેશે.

૩. ૩૦ જૂનના રોજ વયનિવૃત્ત થયેલ કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઈજાફો આકારવા બાબતે (૧) જે તે કચેરીમાંથી **તા.૦૧-૦૧-૨૦૦૬ થી તા.૩૦-૦૪-૨૦૨૪ સુધીમાં ૩૦ જૂનના રોજ વય નિવૃત્ત થયેલ પેન્શનરની યાદી** તૈયાર કરી તા. **૩૧-૦૫-૨૦૨૪** સુધીમાં હિસાબ નિયામકશ્રીની કચેરીને મોકલી આપવાની રહેશે, (૨) આ યાદી પરત્વે સંબંધિત કચેરી/વિભાગે પેન્શનરનો સંપર્ક કરી ઉક્ત મુદ્દા નં.૧માં જણાવ્યા અનુસાર નમુના-૧ અને નમુના-૨માં અરજી મેળવવાની રહેશે. અરજી મળ્યા બાદ તેની સેવાકીય વિગતોની ચકાસણી કરી ૩૦ જુન વયનિવૃત્તિ પહેલાના એક વર્ષ દરમ્યાન નિવૃત્તિના સમયના પગાર ધોરણમાં યુનિવર્સિટી અને રાજય સરકારશ્રી પગાર સુધારણા નિયમો અનુસાર એક વર્ષની સંળગ સેવાઓ (કોઈપણ પ્રકારની તુટ વગર) બજાવેલ છે તે અંગેની નોંધ સેવાપોથીમાં કરીને સક્ષમ અધિકારીએ પ્રવર્તમાન નિતી-નિયમો અનુસાર જે તે કર્મચારી એક વર્ષની સેવાઓ બજાવેલ હોય એક નોશનલ ઈજાફો મેળવવાપાત્ર હોય તો જ આઈ.એફ.એમ.એસ. સીસ્ટમ (IFMS SYSTEM)માં ૩૦ જુનની નોશનલ ઈજાફાની ઈવેન્ટ ઉમેરીને ઈજાફો આકારી/છોડીને સક્ષમ અધિકારીએ એક નોશનલ ઈજાફો છોડયા અંગેના આઈ.એફ.એમ.એસ. ઓર્ડરમાં સહી કરી તેની પણ સેવાપોથીમાં નોંધ કરવાની રહેશે. (૩) ૩૦ જૂનના રોજ વયનિવૃત્ત થયેલ કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઈજાફો આકારી રિવાઈઝ પેન્શનની દરખાસ્ત તૈયાર કરી જરૂરી આધાર પુરાવા સાથે રીવાઈઝડ પેન્શન દરખાસ્ત હિસાબ નિયામકશ્રીની કચેરીને સેવાપોથી સાથે તા. ૧૫-૦૬-૨૦૨૪ પહેલા દરખાસ્ત અચુક મોકલી આપવાની રહેશે. (૪) સંદર્ભ-૧નાં ઠરાવ અગાઉ જે ચુકાદા આવેલ છે અને તેમાં CONTEMPT PETITIONને ધ્યાને લઇ, નામ.હાઈકોર્ટના ચુકાદાનો સ્વીકાર કરવાની અનુમતિ મળેલ હોય અને સંબંધિત કચેરી/વિભાગ દ્વારા હુકમો કરવામાં આવેલ હોય, તેવા કેસોમાં જે-તે સમયે મળેલ મંજૂરી મુજબ કેસોનુ આખરીકરણ કરવાનું રહેશે. તેમજ જે કેસોમાં ચુકવણુ કરવાની કાર્યવાહી પુર્ણ કરેલ છે, તેવા કેસો પરત્વે હાલના તબક્કે કોઇ કાર્યવાહી કરવાની રહેશે નહી. (૪) ઉક્ત ઠરાવ **ફકત ૩૦ જૂનના રોજ વય નિવૃત્તિથી નિવૃત્ત થયેલ/થનાર કર્મચારીઓ** કે જેઓએ **એક વર્ષની સળંગ સેવાઓ પૂર્ણ કરેલ હોય** તેવા જ કિસ્સામાં નોશનલ ઈજાફો આકારી રીવાઈઝડ પેન્શન આપવાની જોગવાઈ કરેલ છે આથી, ૩૦ જુનના રોજ વયનિવૃત્તથી નિવૃત્ત થયેલ હોય કે થનાર હોય તેવા કર્મચારીની **ખાતાકીય તપાસ / અવસાન / બઢતી / બીન પગારી રજાઓ** જેવી બાબતોની બરાબર ચકાસણી કરવાની જવાબદારી જે તે કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારી અને યુનિટ અધિકારીની રહેશે.

૪. **૩૦ જૂનના રોજ વય નિવૃત્તિથી નિવૃત્ત થયેલ કર્મચારીઓ** કે જેઓએ **એક વર્ષની સળંગ સેવાઓ પૂર્ણ કરેલ હોય** તેવા જ કિસ્સામાં ૩૦ જુનના એક નોશનલ ઈજાફો આકારી રીવાઈઝડ પેન્શન દરખાસ્ત જરૂરી આધાર પુરાવા સાથે હિસાબ નિયામકશ્રીની કચેરીને **તા.૧૫-૦૬-૨૦૨૪ સુધી**માં મોકલી આપવાની રહેશે. રીવાઈઝડ પેન્શન દરખાસ્ત સાથે ૩૦ જુનના નોશનલ ઈજાફા માંગણી અંગેની પેન્શનર/કુટુમ્બ પેન્શનરની અરજી, રૂ. ૫૦ના સ્ટેમ્પ પર બાંહેધરી, આઈ.એફ.એમ.એસ. સીસ્ટમ (IFMS SYSTEM)માં ૩૦ જુનની નોશનલ ઈજાફા છોડયા અંગેના આઈ.એફ.એમ.એસ. ઓર્ડર, નોશનલ ઈજાફો છોડ્યા બાદ રીવાઈઝડ પગારનું પ્રમાણપત્ર (REVISED L.P.C.), પી.પી.ઓ.ની નકલ સાથે રીવાઈઝ દરખાસ્ત રજુ કરવાની રહેશે.

૫. તા. ૦૧-૦૫-૨૦૨૪ બાદ **૩૦ જૂનના રોજ વયનિવૃત્તિથી નિવૃત્ત થનાર કર્મચારીઓ**ની પેન્શન દરખાસ્ત જે નિવૃત્તિના એક વર્ષ અગાઉ અત્રેની કચેરીને નિવૃત્તિ સમયે મળવાપાત્ર માસીક પેન્શન અને નિવૃત્તિ સંબધિત લાભોની ચકાસણી અર્થે મોકલી આપવામાં આવે છે તેવા કિસ્સામાં પણ કર્મચારી પાસેથી ૩૦ જુનના રોજ એક નોશનલ ઈજાફો આકારવા માંગણી બાબતની અરજી, રૂ ૫૦ સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી મેળવવાની રહેશે. વધુમાં ૩૦ જૂનના રોજ વયનિવૃત્તિથી નિવૃત્ત થનાર કર્મચારી પાસેથી બાહેધરી લેવાની રહેશે કે તેઓ નિવૃત્તિના છેલ્લા એક વર્ષ દરમ્યાન **"એક વર્ષની સળંગ સેવાઓ પૂર્ણ કરશે"**. આવા કેસમાં જે તે કર્મચારીનો ૩૦ જુનના રોજ એક કાલ્પનિક નોશનલ ઈજાફો છોડીયા અંગેનો કાર્યાલય આદેશ પેન્શન દરખાસ્ત સાથે રજુ કરવાનો રહેશે. વધુમાં જયારે કર્મચારી ખરેખર ૩૦ જૂનના રોજ વયનિવૃત્તિથી નિવૃત્ત થાય ત્યારે કે જેઓએ **"એક વર્ષની સળંગ સેવાઓ પૂર્ણ કરેલ છે"** તે અંગેનું **યુનિટ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર**, ૩૦ જુનનો નોશનલ ઈજાફા છોડયા અંગેના **આઈ.એફ.એમ.એસ. ઓર્ડર** સક્ષમ અધિકારીની સહી સાથે પેન્શન દરખાસ્ત સાથે રજુ કરવાનો રહેશે. ઉક્ત ઠરાવ ફકત ૩૦ જૂનના રોજ વય નિવૃત્તિથી નિવૃત્ત થયેલ/થનાર કર્મચારીઓ કે જેઓએ એક વર્ષની સળંગ સેવાઓ પૂર્ણ કરેલ હોય તેવા જ કિસ્સામાં નોશનલ ઈજાફો આકારી પેન્શન આપવાની જોગવાઇ કરેલ હોય, આથી, ૩૦ જુનના રોજ વયનિવૃત્તથી નિવૃત્ત થનાર હોય તેવા કર્મચારીની ખાતાકીય તપાસ/અવસાન/બઢતી/બીન પગારી રજાઓ જેવી બાબતોની બરાબર ચકાસણી કરવાની જવાબદારી જે તે કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારી અને યુનિટ અધિકારીની રહેશે.

૬. **૩૦ જૂનના રોજ વય નિવૃત્તિથી નિવૃત્ત થયેલ કે થનાર કર્મચારીઓ** કે જેઓએ **એક વર્ષની સળંગ સેવાઓ પૂર્ણ કરેલ હોય** તેવા જ કિસ્સામાં ૩૦ જુનનો નોશનલ ઇજાફા છોડ્યા અંગેના આઇ.એફ.એમ.એસ. ઓર્ડર અને નોશનલ ઇજાફો છોડ્યા બાદ રીવાઇઝડ પગારનું પ્રમાણપત્ર (REVISED L.P.C.) એ ફક્ત નિવૃત્તિના લાભો જેવા કે પેન્શન/કુટુમ્બ પેન્શન, ગ્રેજ્યુઇટી રૂપાંતરીત પેન્શન માટે જ ધ્યાને લેવાની રહેશે અન્ય કોઇ નાણાંકીય લાભો જે પગાર સાથે સંકળાયેલ નાણાંકીય લાભો જેવા કે છેલ્લા માસનો પગાર, વયનિવૃત્તિ સબબ મુસાફરી ભથ્થું કે રજા પગાર રૂપાંતર (લીવ એનકેશમેન્ટ)માં ૩૦ જુનનો નોશનલ ઇજાફો ધ્યાને લેવાનો રહેતો નથી જેની ખાસ નોંધ લેશો.

૭. રાજય સરકારના ઉક્ત ઠરાવોનું નિયમોનુસાર અને સમયસર પાલન કરવાની તેમજ સદર જોગવાઇઓ મુજબ વહીવટી અને નાણાંકીય બાબતો લાંબા સમય માટે નિવૃત્તિના લાભો સાથે સંકળાયેલ હોય તમામ બાબતોનું ગંભીરતા પૂર્વક અભ્યાસ કરીને નિયમોનુસર કર્મચારીને ચુકવણૂં થાય તે જોવાની, સેવાપોથીમાં નોંધ કરવાની તેમજ ૩૦ જુનના રોજ નિવૃત્ત થયેલ કે થનાર કર્મચારી કે પેન્શનર/કુટુમ્બ પેન્શરનો સંપર્ક કરવાની જવાબદારી જે તે કચેરીની રહેશે.

**ઓડીટ ઓફિસર, પે એન્ડ પેન્શન સેલ, દ્વારા કરવાની થતી કાર્યવાહી :-**

૧. તા.૦૧-૦૧-૨૦૦૬ થી તા.૩૦-૦૪-૨૦૨૪ દરમ્યાન ૩૦ જૂનના રોજ વયનિવૃત્ત થયેલ કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઇજાફો આકારી રિવાઇઝ પેન્શન દરખાસ્ત તા. ૧૫-૦૬-૨૦૨૪ સુધીમાં મળ્યેથી જે તે કચેરીમાંથી આવેલ રીવાઇઝડ પેન્શન દરખાસ્ત નિયમોને સુસંગત છે કે કેમ તેની ચકાસણી કરવાની, જે લોકો અગાઉ ૩૦ જુનનાં રોજ વય નિવૃત્તિથી નિવૃત્ત થયેલ છે તેની રીવાઇઝડ પેન્શન દરખાસ્તને મૂળ પેન્શન દરખાસ્ત સાથે સરખાવીને તેમજ આગાઉ જારી કરવામાં આવેલ એલ.પી.સી., પી.પી.ઓ. અંતર્ગત ચુકવવામાં આવતું પેન્શન/કુટુમ્બ પેન્શન, ગ્રેજ્યુઇટી અને કોમ્પ્યુટેડ પેન્શનના તફાવતની નિયમોનુસાર ચકાસણી કરવાની રહેશે.

૨. રાજય સરકારશ્રીના સદર બાબતે થયેલ મૂળ ઠરાવ અને ત્યાર બાદ આનુંસાંગીક ઠરાવો/પરિપત્રો/પત્રો/સૂચનાઓ ધ્યાને લઇ ૩૦ જૂનના રોજ વયનિવૃત્ત થયેલ કર્મચારીઓના કિસ્સામાં એક નોશનલ ઇજાફો છોડતા જે માસીક પેન્શન/કુટુમ્બ પેન્શન ગ્રેજ્યુઇટી, કોપ્મ્યુટેડ પેન્શન ચુકવવાનું થાય છે તે, અને નોશનલ ઇજાફા મુજબ કરેલ પેન્શન સુધારણાનો ખરેખર લાભ તા.૦૧/૦૭/૨૦૨૩થી આપવાપાત્ર થતો હોય ચુકવવાપાત્ર થતા તફાવતના પત્રકો સાથેની દરખાસ્ત હિસાબ નિયામકશ્રીને તા. ૨૦-૦૬-૨૦૨૪ સુધીમાં રજુ કરવાની રહેશે.

૩. ૩૦ જૂનના રોજ વયનિવૃત્ત થયેલ કર્મચારીઓના કિસ્સામાં એક નોશનલ ઇજાફો છોડતા જે માસીક પેન્શન/કુટુમ્બ પેન્શન ગ્રેજ્યુઇટી, કોપ્મ્યુટેડ પેન્શન ચુકવવાનું થાય છે એવી દરખાસ્તો જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, આણંદ પાસે નિયમો મુજબ ચુકવવાપાત્ર નિવૃત્તિના લાભોની પૂર્વ ચકાસણી અવશ્યપણે કરાવવાની રહેશે. આથી આવી દરખાસ્તો જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, આણંદને તા. ૨૦-૦૬-૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની રહેશે.

૪. જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, આણંદ દ્વારા આવી દરખાસ્તો ચકાસણી થઇ પરત મળતા આવા કર્મચારીઓનો રીવાઇઝડ પેન્શન પેમેન્ટ ઓર્ડર (P.P.O.) જારી કરવાનો રહેશે તેમજ સદર રીવાઇઝડ પી.પી.ઓ.માં પેન્શન સુધારણાનો ખરેખર લાભ તા.૦૧/૦૭/૨૦૨૩થી મળવાપાત્ર થશે તેવું સ્પષ્ટ દર્શાવવું. રીવાઇઝડ પી.પી.ઓ.ના આધારે પેન્શન સુધારણાનો ખરેખર લાભ તા.૦૧/૦૭/૨૦૨૩થી આપવાનો હોય ચુકવવાપાત્ર તફાવતની રકમના બીલો તૈયાર કરી ચુકવણાં અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

૫. ઉક્ત પેન્શન/ કુટુમ્બ પેન્શન અને નિવૃત્તિના આનુસાંગીક લાભોની ચુકવણી થયેથી તેની સેવાપોથીમાં નોંધ કરીને અસલ સેવાપોથી જે તે કચેરીને મોકલી આપવાની રહેશે.

૬. વધુમાં તા. ૦૧-૦૫-૨૦૨૪ બાદ ૩૦ જૂનના રોજ વયનિવૃત્તિથી નિવૃત્ત થનાર કર્મચારીઓ માટે પણ રાજય સરકારશ્રીના સદર બાબતે થયેલ ઠરાવો/પરિપત્રો/સુચનાઓ અન્વયે કાર્યવાહી કરવાની રહેશે.

**(આર.એચ. ગોંડલીયા)**
હિસાબ નિયામક

બીડાણ :- ઉપર મુજબ.

નકલ સવિનય રવાના :-

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ તરફ જાણ સારૂ.

૨. કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ તરફ જાણ સારૂ.

નકલ રવાના જાણ અને અમલ સારૂ :–

૧. તમામ યુનિટ / સબ યુનિટ અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

૨. તમામ ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

૩. ઓડિટ ઓફિસરશ્રી, પે એન્ડ પેન્શન સેલ, હિસાબ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ.

૪. હિસાબી અધિકારીશ્રી (પી.એફ./પેન્શન), હિસાબ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ.

**નમુનો–૧**

પેન્શનરનું નામ :-_________________________

રહેઠાણનું સરનામુ :-________________________

______________________________________

______________________________________

______________________________________

તા. :- _________________________________

પ્રતિ,

_______________________

_______________________

_______________________

_______________________

વિષય :- ૩૦મી જુનના રોજ સરકારી સેવામાંથી વયનિવૃત્ત થયેલ હોઈ, તા. ૦૧/૦૭ (પહેલી જુલાઈ)ના રોજ મળવાપાત્ર ઈજાફાનો પેન્શનના હેતુસર લાભ આપવા બાબત.

માનનીય સાહેબશ્રી,

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, હું આપના તાબા હેઠળની નીચે જણાવેલ કચેરીમાં ફરજ બજાવતા હતા. હાલ સરકારી સેવામાંથી વયનિવૃત્ત થયેલ છું અને ઉપરોક્ત સરનામે રહું છું.

૧. પી.પી.ઓ. નંબર :- _________________________________________
૨. પુરૂ નામ :- _________________________________________
૩. નિવૃત્તિ સમયનો હોદ્દો :- _________________________________________
૪. કચેરીનું નામ :- _________________________________________
૫. વયનિવૃત્તિની તારીખ :- _________________________________________
૬. છેલ્લા ઈજાફાની તારીખ:-_________________________________________
૭. છેલ્લો મૂળ પગાર :- ________________________________________
૮. મોબાઈલ નંબર :- ________________________________________

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૦૯ તથા ૨૦૧૬ મુજબ ઈજાફાપાત્ર એક વર્ષની નોકરી કરેલ હોઈ, ૧ લી જુલાઈનો ઈજાફો સામાન્ય ક્રમ તરીકે મળવાપાત્ર થાય છે. ગુજરાત સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : ઈજફ-૧૦૨૦૨૩-૪૧-ચ તા.૧૮-૧૧-૨૦૨૩માં જણાવ્યા મુજબ વર્ષ ૨૦૦૬ બાદ તારીખ ૩૦ જુનના રોજ વયનિવૃત્ત થયેલ છું વયનિવૃત્તી સમયે ૧ નોશનલ ઈજાફાનો લાભ મળવાપાત્ર છે. જે ધ્યાને લઈ ઈજાફો મંજુર કરી પેન્શન તથા સેવાકિય લાભો આપવા વિનંતી.

અરજદારની સહી

નામ :-

બિડાણ :-
૧. નિવૃત્તિ આદેશ
૨.પી.પી.ઓ. નકલ

**નમુનો-૨**

**બાંહેધરી**

આથી હું ...........................................................................................ઉમર.....................વર્ષ સરનામું ...................................................................................................પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું અને નીચે જણાવ્યા મુજબની બાંહેધરી આપું છું.

સરકારશ્રીના તા.03-0૮-૨023 અને તા.૧૮-૧૧-૨023ના ઠરાવો તેમજ હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદના તા.0૯-0૫-૨0૨૪ના પરીપત્રમાં જણાવ્યા મુજબ પગાર સુધારણા નિયમો ૨00૯ અમલમાં આવ્યાની તા.0૧-0૧-૨00૬ બાદ રાજય સરકાર અને પંચાયત સેવાના જે કર્મચારીઓ તા. 30 જૂનના રોજ એક વર્ષની સેવાઓ પૂર્ણ કરી વયનિવૃત્ત થયેલ / થનાર છે તેવા કર્મચારીઓના કિસ્સામાં ઉકત ઠરાવમાં જણાવેલ શરતોને આધીન ૧ નોશનલ ઈજાફો આકારવાનું ઠરાવવાનું આવેલ છે.

આમ ઉપરોક્ત ઠરાવોમાં જણાવેલ શરતો અમોને માન્ય છે તેમજ પેન્શન સંબધીત જે લાભો અમોને ચુકવવામાં આવેશે તે બાબતે ભવિષ્યમાં ઓડીટ સંબંધીત કોઈ વસુલાત ઉપસ્થિત થશે તો વધુ ચુકવાયેલ નાણાં પરત કરવાની બાહેધરી આપુ છુ તેમજ તા.૧૮-૧૧-૨023ના ઠરાવ અન્વયે નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાને આધિન જે આદેશ થાય તે મને અને મારા વાલી વારસોને બંધનકર્તા રહેશે.

સ્થળ:- આણંદ ( કર્મચારીનું નામ અને સહી )

તારીખ:- / /૨0૨૪

સાક્ષીનું નામ સાક્ષીની સહી

(૧) ........................................................... .........................

(૨)........................................................... ........................

**કચેરીના વડાની સહી/સિક્કો**

30 જૂનના રોજ વયનિવૃત થતાં કર્મચારીઓના કિસ્સામાં નોશનલ ઈજાફો આકારવા બાબત

ગુજરાત સરકાર
નાણાં વિભાગ
**ઠરાવ ક્રમાંક : ઈજફ-૧૦૨૦૨૩-૪૧-ચ**
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૮/૧૧/૨૦૨૩

**વંચાણે લીધા:**

૧. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨

૨. નાણા વિભાગના તા:૨૭/૦૨/૨૦૦૯ના જાહેરનામા ક્રમાંક:પગર/૧૦૦૯/૨/પગાર એકમ(M)

**આમુખ:**

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) હેઠળના ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨થી રાજ્ય સરકારના કર્મચારીઓના કિસ્સામાં પગાર સંબંધી જોગવાઇઓ કરવામાં આવેલ છે. આ નિયમો પૈકી નિયમ નં.૩૯ (૧) માં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે :

"નિયમ-૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૯, ૨૩, 30 અને ૪૪ ના નિયમોની જોગવાઇઓને આધિન રહીને પગાર ધોરણની જગા ઉપર બજાવેલ બધી જ ફરજ તે પગાર ધોરણના ઇજાફાઓ માટે ગણવી જોઇશે. આગામી ઇજાફાની તારીખે પહોંચવાના હેતુ માટે ઇજાફાને પાત્ર ન હોય તેવા પગાર ધોરણની બધી જ સેવાનો સમયગાળો સામાન્ય ઇજાફાની તારીખમાં ઉમેરવો.

પરંતુ ઇજાફો જે મહિનામાં ઉપાર્જિત થાય તે મહિનાની પહેલી તારીખથી મળવાપાત્ર થશે."

**૨.** કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ છઠ્ઠા પગારપંચની ભલામણો નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૨) ના જાહેરનામાથી રાજ્ય સરકારના તેમજ પંચાયતના કર્મચારીઓના કિસ્સામાં લાગુ પાડવામાં આવેલ હતી. આ ભલામણો મુજબ જે-તે કર્મચારીના કિસ્સામાં વાર્ષિક ઇજાફાની તારીખ ૦૧ જુલાઇ નિયત કરવામાં આવેલ હતી.

**3.** નામ.સુપ્રિમકોર્ટ દ્વારા તા.૧૧/૦૪/૨૦૨૩ના ચુકાદાથી 30 જૂનના રોજ વયનિવૃત થયેલ કર્મચારીને ઈજાફો આપવાનો આદેશ કરેલ છે.

કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ જુદી-જુદી પીટીશનો પરત્વે નામ.હાઇકોર્ટના તા:૦૨/૦૮/૨૦૨૩ ના ચુકાદાથી સરકારને તા:૧૮/૦૯/૨૦૨૩ સુધીમાં નિર્ણય લેવા જણાવેલ છે. જેથી નામ.હાઇકોર્ટ તથા નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાઓ ધ્યાને લઇ, વર્ષ ૨૦૦૬ બાદ તારીખ 30 જૂનના રોજ વયનિવૃત થયેલ/થનાર કર્મચારીઓના કિસ્સામાં, વયનિવૃતિ સમયે એક નોશનલ ઈજાફાનો લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે પગાર સુધારણા નિયમો, ૨૦૦૯ અમલમાં આવ્યા ની તારીખ ૦૧/૦૧/૨૦૦૬ બાદ રાજ્ય સરકાર અને પંચાયત સેવાના જે કર્મચારીઓ તા.30 જૂન ના રોજ એક વર્ષની નોકરી પુર્ણ કરી વયનિવૃત થયેલ/થનાર છે, તેવા કર્મચારીઓના કિસ્સામાં નીચેની શરતોને આધીન એક નોશનલ ઈજાફો આકારવાનું ઠરાવવામાં આવે છે.

(૧) તા.30 જૂનના રોજ વયનિવૃત થયેલ/થનાર કર્મચારીઓના કિસ્સામાં એક વર્ષની સેવા પૂર્ણ કરેલી હોવી જોઇએ.

(૨) તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા:૩૧/૧૨/૨૦૨૨ સુધી વયનિવૃત્ત થયેલ કર્મચારીના કિસ્સામાં 30 જૂનના રોજ નોશનલ ઇજાફો આકારી પેન્શન સુધારણા કરવાની રહેશે. તા. ૦૧/૦૧/૨૦૨૩ બાદ વયનિવૃત્ત થયેલ / થનાર કર્મચારીના કિસ્સામાં 30 જૂનના રોજ ઇજાફો આકારી પેન્શન સુધારણા કરવાની રહેશે.

(૩) આ નોશનલ ઇજાફા મુજબ કરેલ પેન્શન સુધારણાનો ખરેખર લાભ તા.૦૧/૦૭/૨૦૨૩ થી મળવાપાત્ર થશે.

(૪) તા.30 જૂનના રોજ વયનિવૃત થયેલ/થનાર કર્મચારીઓના કિસ્સામાં ખરેખર ઈજાફો મળવાપાત્ર થાય છે કે કેમ? તે અંગે ચકાસવાની થતી સેવાકીય વિગતો અંગેની જરૂરી સૂચનાઓ અલાયદી બહાર પાડવામાં આવશે.

(૫) કોઈ કર્મચારી દ્વારા સમાન પ્રકારનો લાભ મેળવવા માટે નામ.હાઈકોર્ટમાં પીટીશન ફાઈલ કરવામાં આવેલ હોય અને હાલમાં ન્યાયાધીન હોય એટલે કે ચુકાદા આવેલ ન હોય તેવા કિસ્સામાં પણ આ ઠરાવ મુજબ ઈજાફાનો લાભ આપવાનો રહેશે.

(૬) આ ઠરાવનો અમલ પંચાયત સેવાના કર્મચારીઓ અને અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓ કે જેઓના કિસ્સામાં છઠ્ઠા પગારપંચનો લાભ આપવાની નાણા વિભાગની અનુમતિ આપવામાં આવેલ હોય તેઓના કિસ્સામાં પણ સમાન પ્રકારે કરવાનો રહેશે.

(૭) આ ઠરાવ નામ. સુપ્રીમકોર્ટના ચુકાદા અન્વયે કરેલ હોવાથી ભવિષ્યમાં ચુકાદા બાબતે કોઇ સુધારો થશે તો તેને આધીન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિલીપ નાઈ)
સેકશન અધિકારી
નાણા વિભાગ

**નકલ રવાના:**

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
  (ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેક્ટ ફાઈલ

(પત્ર દ્વારા રવાના)

ક્રમાંક-ઈજક/૧૦૨૦૨૩/૪૧/ચ
નાણા વિભાગ, ગુજરાત સરકાર,
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૧૨/૦૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી,
તમામ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

વિષય:- નાણા વિભાગનો તારીખ ૧૮/૧૧/૨૦૨૩નો ઠરાવ અમલમાં મૂકવા બાબત.

સંદર્ભ : નાણા વિભાગનો તારીખ ૧૪/૧૨/૨૦૨૩નો સરખા ક્રમાંકનો પત્ર.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, નાણા વિભાગના તારીખ ૧૮/૧૧/૨૦૨૩ના ઠરાવથી તારીખ 30 જૂનના રોજ નિવૃત્ત થયેલ કર્મચારીઓના કિસ્સામાં એક કાલ્પનિક ઈજાફો આપવાની નીતિ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. આ ઠરાવ નાણા વિભાગના સંદર્ભ દર્શિત તારીખ ૧૪/૧૨/૨૦૨૩ના પત્રથી (ABEYANCE) માં મૂકવવાનો નિર્ણય કરવામાં આવેલ.

પુખ્ત વિચારણાને અંતે નાણા વિભાગના તારીખ ૧૪/૧૨/૨૦૨૩ના પત્રથી તારીખ ૧૮/૧૧/૨૦૨૩ના ઠરાવને (ABEYANCE) માં મૂકવવાના નિર્ણયને રદ કરી, તારીખ ૧૮/૧૧/૨૦૨૩નો ઠરાવ પુનઃ અમલમાં મૂકવવામાં આવે છે.

તારીખ ૧૪/૧૨/૨૦૨૩ના પત્ર તેમજ તારીખ ૦૩/૦૮/૨૦૨૩ના પત્રથી પ્રસિદ્ધ કરવામાં આવેલ અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

આપનો વિશ્વાસુ,

(દિલીપ નાઈ)
સેકશન અધિકારી
નાણા વિભાગ

**નકલ રવાના :**

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ